| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૨૧/૦૪/૨૦૨૩ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## ૧૮૧ અભયમ હેલ્પ લાઇનની ટીમ તથા મહિલા વેસ્ટ પોલીસ સ્ટેશનની પોલીસે શહેરના જીવરાજપાર્ક વિસ્તારમા એક પરીવારના કૌટુંબીક ઝઘડાનુ સુખદ સમાધાન લાવી પરીવારને વિખેરતો બચાવ્યો

૧૮૧ અભયમ હેલ્પ લાઇન પર જીવરાજ પાર્ક ખાતે રહેતી એક મહિલાનો તા.૧૭/૦૪/૨૦૨૩ ના રોજ આશ્રય માટે મદદ મેળવવા ફોન આવે છે અને અભયમની ટીમ તુરંત જ મદદ માટે પહોચી જાય છે તથા કાયદાકીય મદદ માટે મહિલા વેસ્ટ પોલીસ સ્ટેશનના પોલીસ માણસોને પણ બોલાવે છે. અભયમની ટીમ તથા મહિલા વેસ્ટ પોલીસ પાસે હાજર મહિલા પોતાની વ્યથા જણાવે છે અને તેને તેના સાસુ સસરા હેરાન કરે છે તેની ત્રણ વર્ષની બાળકી તથા આ મહિલાની જવાબદારી લેવા તેનો પતિ પણ તૈયાર થતો નથી. મહિલાની આપવીતી સાંભળીને અભયમની ટીમ તથા મહિલા વેસ્ટ પોલીસ મહિલાના ઘરે જઇ આ મહિલા તથા તેમના પતિ તથા સાસુ સસરાને સાથે બેસાડી સાસુ સસરાને વહુને દિકરીની જેમ રાખી તેને સાથે રાખવા માટે સમજાવ્યા અને પતિને પત્નિ તથા બાળકીની જવાબદારી સંભાળી ઘરમા સુમેળ સાધવા સમજાવ્યા તથા મહિલાને સાસુ સસરા તથા પતિ સાથે શાંતિથી રહી પોતાના પરીવારને સાચવી રાખવા સમજાવતા સાસુ સસરા તથા પતિને તેમની ભુલ સમજાયેલ અને પરીવારના તમામ સભ્યો હસી-ખુશીથી સાથે રહેવા સંમત થયેલ. આમ ૧૮૧ અભયમ હેલ્પલાઇન તથા મહિલા વેસ્ટ પોલીસના સમાધાનકારી વલણને માન આપી તેમનો આભાર વ્યક્ત કરેલ.

**કામગીરી કરનાર ટીમ** :- મહિલા વેસ્ટ પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ ટીમ



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૫૫/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૪૦ લીટર દેશી દારૂ, ૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૦ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૨૪ બીયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૦,૬૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૫૬/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૫ વ્યક્તિઓની અને પાસા મુજબ 03 વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૬૫૭/૨૦૨૩**

**વાડજઃ** (૧) રમીલાબહેન વા/ઓ જયેન્દ્રભાઇ શાહ (ઉ.વ.૭૩)(રહે.અલકાપુરી સોસાયટી દામજી હોટલની બાજુમા ઉસ્માનપુરા) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૪/૨૦૨૩ સવારના ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાની સોસાયટી નજીક મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યા પુરૂષે રમીલાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

**વાડજઃ** (૨) લક્ષ્મીદેવી વા/ઓ આશારામજી સોની (ઉ.વ.૭૫)(રહે.રાધા મુરલીધરનગર સેક્ટર-૭/એ નિર્ણયનગર નવા વાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૪/૨૦૨૩ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે નિર્ણયનગર સ્વામીનારાયણ સ્કુલની ગલીમાં એમ.કે.ઝવેલર્સની સામે રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ લક્ષ્મીદેવીના ગળામાંથી સોનાની પેંડલ સાથેની ચેઇન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.પરમાર ચલાવે છે.

**આનંદનગરઃ** વિજયાલક્ષ્મી વા/ઓ દેવાંગકુમાર ત્રીવેદી (ઉ.વ.૬૫)(રહે.શ્વેતાંજલી સોસાયટી યશ ટાવરની બાજુમાં, આનંદનગર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૪/૨૦૨૩ સવારના ૧૦/૪૫ વાગે યશ ટાવરના બીજા ગેટ ઉપર હસુભાઈપાર્ક ૧૭ નંબરના બંગ્લા સામેથી પસાર થતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ વિજયાલક્ષ્મી નાઓના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.યુ.ટાપરીયા ચલાવે છે.

**ટ્રેઇનની અડફેટે આવી જતા મૃત્યુ:** **સમાચાર યાદી નં.૬૫૮/૨૦૨૩**

**બોડકદેવ**ઃ નીતિશભાઇ મુન્નાભાઈ કેવટ (ઉ.વ.૨૨) (રહે. હેબતપુર ગામ, સોલા) તા.૨૦/૦૪/૨૦૨૩ સવારના ૧૦/૩૦ વાગ્યા પહેલા આંબલી રેલ્વે સ્ટેશનના રેલ્વે ટ્રેક ને ક્રોસ કરતી વખતે અચાનક ટ્રેઇન આવી જતા, નીતિશભાઇ ટ્રેઇનની અડફેટે આવી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નારસિંગભાઈ દેવાભાઈ ચલાવે છે.

**ખોખરા**ઃ રાજુભાઇ મુદ્રીકાભાઇ પ્રજાપતિ (ઉ.વ.૨૧)(રહે.રાજારામની ચાલી વિઠ્ઠલનગરનો ટેકરો જશોદાનગર) તા.૧૯/૦૪/૨૦૨૩ રાતના ૧૦/૦૫ વાગ્યાના સુમારે કાંકરીયા થી વટવા તરફ અપલાઇનના પોલ નંબર.૪૯૦/૫/બી થી પોલ નંબર.૪૯૦/૫/એ વચ્ચે રાજુભાઇ ટ્રેઇનની અડફેટે આવી જતા, શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.ડી.પરમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૫૯/૨૦૨૩**

**ગુજરાત યુનિવર્સીટી**ઃ પુષ્પાબહેન ડો/ઓ દેવશંકરભાઈ ભાટી (ઉ.વ.૧૭)(રહે.મોડાદેવાનો વાસ ગુલબાઈ ટેકરા જાન્હવી રેસ્ટોરન્ટ આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૪/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.

**નરોડા**ઃ મીતલબા વા/ઓ હિતેન્દ્રસિંહ નરૂકા (ઉ.વ.૨૯)(રહે.દ્વારકેશ ધામ સોસાયટી નવયુગ સ્કુલ પાછળ આદિશ્વર કેનાલ પાસે નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૦/૪/૨૩ સાંજના ૫/૪૫ વાગ્યા પહેલા બારીની જાળીમા દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એલ.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી